# શિક્ષણ વિભાગ પ્રેસનોટ

## ચીલ્ડ્રન યુનિવર્સિટીના પ્રથમ કુલપતિની નિમણૂંક

ગુજરાત સરકારે આજે ચીલ્ડ્રન યુનિવર્સિટી પ્રથમ કુલપતિ તરીકે બારડોલીના શ્રી હર્ષદભાઇ શાહની નિમણૂંક કરી છે. તેઓ ૬૧ વર્ષની વયના છે. શ્રી હર્ષદભાઇ શાહ જાણીતા કેળવણીકાર છે, જેમણે શિક્ષણ અને દેશની સાંપ્રત સમસ્યા ઉપર ૧૦ જેટલા પુસ્તકો લખ્યા છે. તાજેતરમાં શ્રી હર્ષદભાઇ શાહે વાંચે ગુજરાત અભિયાનની રાજયકક્ષાની સમિતિના સહ ઉપાધ્યાક્ષ તરીકે ખૂબ પ્રશંસનીય કામગીરી બજાવેલ. તેઓ બારડોલીની એક સુંદર માધ્યમિક શાળા શ્રી સરસ્વતી શિશુ મંદિરના પ્રેરણાસ્રોત રહયા છે. શ્રી હર્ષદભાઇ અગાઉ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સીન્ડીકેટના સભ્ય તરીકે રહી ચુકયા છે, તેમજ હાલ માધ્યમિક શિક્ષણ બોર્ડના શૈક્ષણિક સમિતિના સભ્ય છે. શ્રી હર્ષદભાઇ શાહે પોતાની કારકિર્દીની શરુઆત બેંકના ઓફિસર તરીકે કરેલ.